# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,

**બ્લોક નં. ૨, પહેલો માળ, કર્મયોગી ભવન, સેક્ટર – ૧૦-એ, ગાંધીનગર**

## દિવ્યાંગ ઉમેદવારો માટે ખાસ ભરતી ઝુંબેશ હેઠળની

## જાહેરાત ક્રમાંકઃ ૩૬૫/૨૦૨૫૨૬ ગુજરાતી સ્ટેનોગ્રાફર, ગ્રેડ–૨, વર્ગ–૩ અંગેની વિગતવાર સુચનાઓ

**(વેબસાઇટ એડ્રેસ :** https://ojas.gujarat.gov.in **અને** https://gsssb.gujarat.gov.in**)**

---

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા બંદરો અને વાહન વ્યવહાર વિભાગના નિયંત્રણ હેઠળના **ગુજરાત મેરીટાઇમ બોર્ડ**, હસ્તકના **ગુજરાતી સ્ટેનોગ્રાફર, ગ્રેડ–૨, વર્ગ–૩** સંવર્ગની **કુલ–૦૧** જગ્યા **માત્ર દિવ્યાંગ ઉમેદવારોથી ભરવા** માટે ઉમેદવારો પાસેથી **OJAS** ની વેબસાઇટ પર ખાસ ભરતી ઝુંબેશ (SPECIAL RECRUITMENT DRIVE) અન્વયે ઓનલાઈન અરજીપત્રકો મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારોએ **https://ojas.gujarat.gov.in** પરથી **તા.૧૬/૧૦/૨૦૨૫** (૧૪:૦૦ કલાક) **થી તા.૩૦/૧૦/૨૦૨૫** (સમય ૨૩:૫૯ કલાક સુધી) દરમ્યાન ઓન–લાઈન અરજી કરવાની રહેશે. ભરતી પ્રક્રિયા સંબંધેની તમામ સૂચનાઓ મંડળની વેબસાઇટ **https://gsssb.gujarat.gov.in** પર મૂકવામાં આવશે**,** તેથી સમયાંતરે મંડળની વેબસાઇટ અચુક જોતા રહેવું.

(૧) **અરજી કરવા માટેની વિગતવાર સૂચનાઓ (આ જાહેરાતમાં ફકરા નં. ૭ માં દર્શાવેલ છે, તે સહીત) તથા આ સમગ્ર જાહેરાત ઓન–લાઇન અરજી કરતાં પહેલાં ઉમેદવારે પોતે ધ્યાનથી કાળજીપૂર્વક વાંચવી જરૂરી છે.**

(૨) ઓન–લાઇન અરજી કરતી વખતે ઉમેદવારે કોઇ પ્રમાણપત્રો જોડવાના નથી. પરંતુ, ઓન–લાઇન અરજી કરતી વખતે પ્રમાણપત્રોમાંની વિગતોને આધારે ઓન–લાઇન અરજીમાં અરજદારે સમગ્ર વિગતો ભરવાની રહે છે. આથી પોતાના બધા જ પ્રમાણપત્રો જેવા કે, શૈક્ષણિક લાયકાત, વય, શાળા છોડયાનું પ્રમાણપત્ર, કેટેગરી **(SC/ST/SEBC/EWS)** ને લગતા, દિવ્યાંગતા તેમજ અન્ય લાયકાતના અસલ પ્રમાણપત્રોને સાથે રાખીને ઓન–લાઇન અરજીમાં એવા પ્રમાણપત્રોને આધારે સાચી વિગતો ભરવાની રહે છે. અરજીમાંની ખોટી વિગતોના કારણે અરજી રદ થવા પાત્ર રહેશે. આથી ઉમેદવારે ઓન–લાઈન અરજીપત્રક કાળજીપૂર્વક ભરી અરજી કન્ફર્મ કરતાં પહેલાં તેની ચકાસણી કરી લેવાની રહેશે. અરજી કન્ફર્મ થયા બાદ જો તેમાં કોઇ ભૂલ રહી જવા પામેલ હોય તો તેમાં મંડળ દ્વારા કોઇ સુધારો કરી આપવામાં આવશે નહિં. તે માટે ઉમેદવારે પુન: સાચી વિગત સાથે અરજી કરવાની રહેશે. એક જ ઉમેદવાર દ્વારા એક કરતાં વધુ અરજી કન્ફર્મ કરવામાં આવેલ હોય તો છેલ્લે કન્ફર્મ થયેલ અરજી કે જેમાં ઉમેદવારે પરીક્ષા ફી ભરેલ છે તે માન્ય રાખવામાં આવશે.

(૩) **પરીક્ષા પદ્ધતિ** – પસંદગીની પ્રક્રિયામાં જાહેરાતમાં ફકરા નં.–૯ માં દર્શાવ્યા મુજબની પ્રથમ તબક્કામાં કવોલીફાયિંગ એક્ઝામ(શોર્ટહેન્ડ ટેસ્ટ) સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા અને ત્યારબાદ, બીજા તબક્કાની મુખ્ય પરીક્ષા (લેખિત)– કસોટીની પ્રક્રિયામાંથી ઉમેદવારે પસાર થવાનું રહેશે.

(૪) મંડળ દ્વારા જરૂરત ઉપસ્થિત થયે પરીક્ષા સંદર્ભેની અમુક સૂચનાઓ મોબાઇલ નંબર પર **SMS** અથવા ઇ–મેઇલથી આપવામાં આવશે. આથી, અરજીપત્રકના સંબંધિત કોલમમાં ઉમેદવારે પોતાનો મોબાઇલ નંબર

તથા ઇ–મેઈલ અવશ્ય દર્શાવવો અને સમગ્ર ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી, અરજીપત્રક ભરતા સમયે દર્શાવેલ મોબાઈલ નંબર તથા ઇ–મેઈલ જાળવી રાખવા જરૂરી અને આપના હિતમાં છે.

**૧. જગ્યાની વિગતો :–**

**વિભાગ દ્વારા સદર ગુજરાતી સ્ટેનોગ્રાફર, ગ્રેડ–૨, વર્ગ–૩ સંવર્ગ માટે માન્ય રાખેલ નીચે દર્શાવ્યા મુજબની દિવ્યાંગતા ને ધ્યાને લઈ દિવ્યાંગ અનામતની ઘટની જગ્યાઓ નીચે મુજબ છે.**

| જગ્યાનું નામ: ગુજરાતી સ્ટેનોગ્રાફર, ગ્રેડ–૨, વર્ગ–૩ | કુલ જગ્યાઓ | કુલ જગ્યાઓ પૈકી દિવ્યાંગતાના જુથ પ્રમાણે અનામત જગ્યાઓ | | | | |
|---|---|---|---|---|---|---|
| | | અંધત્વ અથવા ઓછી દ્રષ્ટી | બધિર અને ઓછું સાંભળનાર | મગજના લકવા સહિતની હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્તમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુઓ | સ્વલીનતા (Autism), બૌધ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શિખવાની અક્ષમતા અને માનસિક બીમારી | બહેરાશ–અંધત્વ સહિતની ખંડ (અ) થી (ડ) હેઠળની એક કરતાં વધારે પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ |
| | | B, LV | | | | |
| | | A | B | C | D & E | |
| ગુજરાત મેરીટાઇમ બોર્ડ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | |

B(Blind), LV (Low Vision)

**નોંધ:–**

(૧) ઉપરોક્ત કોષ્ટકમાં દર્શાવેલ જગ્યામાં વધઘટ થવાની શક્યતા રહેલ હોઇ જગ્યાઓમાં વધઘટ થઇ શકશે.

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા.૧૧/૧૧/૨૦૨૪ ના પરિપત્ર ક્રમાંક : સીઆરઆર/૧૦૨૦૧૭/૧૨૨૬૩૯/ગ.૨(ભાગ–૨) થી દિવ્યાંગ વ્યક્તિઓની સીધી ભરતીમાં અનામત જગ્યાઓની ઘટ ખાસ ભરતી ઝુંબેશથી ભરવીની થતી હોઈ આ ભરતી પ્રસંગને પ્રથમ ભરતી પ્રસંગ તરીકે ધ્યાને લઈ સામાન્ય વહીવટ વિભાગના તા.૨૦/૧૧/૨૦૨૪ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦૨૦૧૭/૧૨૨૬૩૯/ગ.૨ ની જોગવાઈ ધ્યાને લેતાં જે જુથ મુજબની બેન્ચમાર્ક ડિસેબીલીટીસ ધરાવતી યોગ્ય દિવ્યાંગ વ્યક્તિ ન મળવાના કારણે જો કોઇ જગ્યા ભરી ન શકાય તો આવી ખાલી જગ્યા ત્યાર બાદના ભરતી પ્રસંગમાં ખેંચવાની રહેશે. આથી ઉપરોક્ત કોષ્ટકમાં જે દિવ્યાંગતાના જુથમાં જગ્યાઓ દર્શાવેલ છે તે જુથમાં દર્શાવેલ માન્ય દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો જ અરજી કરવા પાત્ર છે.

(૩) દિવ્યાંગ ઉમેદવારને સામાન્ય વહીવટ વિભાગના તા.૧૫/૦૨/૨૦૦૧ ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર/૧૦૨૦૦૦/જીઓઆઇ–૭/ગ–૨ના ઠરાવની જોગવાઇ મુજબ દિવ્યાંગતાની ૪૦% કે તેથી વધુ દિવ્યંગતાની ટકાવારી ધરાવતાં હોવાનું સિવિલ સર્જનનું તબીબી પ્રમાણપત્ર ધરાવતાં હશે, તો જ દિવ્યાંગ ઉમેદવાર તરીકે ઉપલી વયમર્યાદા અને અનામતનો લાભ મળશે. શારીરિક રીતે અશક્ત ઉમેદવારોએ સામાન્ય વહીવટ વિભાગના તા.૨૯/૦૨/૨૦૨૪ ના પરિપત્ર ક્રમાંક : GAD/PHA/e-file/1/2023/8017 /G2-Section થી પરિપત્રિત થયા મુજબ The Rights of Persons with Disabilities Act, 2016 અમલી થતા દિવ્યાંગતાના પ્રમાણપત્ર સંબંધે ભારત સરકારની વખતોવખતની સૂચના/જોગવાઇ તેમજ આરોગ્ય

અને પરિવાર કલ્યાણ, ગુજરાત સરકાર/સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુજરાત સરકાર દ્વારા નિયત કરવામાં આવતી સૂચના અનુસાર દિવ્યાંગતા અંગેનું પ્રમાણપત્ર માન્ય રાખવામાં આવશે.

દિવ્યાંગ અનામતનો લાભ મેળવવા ઈચ્છતા ઉમેદવારે Online ફોર્મમાં Personal Details માં અંધત્વ અથવા ઓછી દ્રષ્ટી જુથ પૈકીની દિવ્યાંગતામાં અંધત્વ અથવા ઓછી દ્રષ્ટી માન્ય હોઇ તેની ટકાવારી દર્શાવવાની રહેશે.

(૪) આ જાહેરાત દિવ્યાંગ વ્યક્તિઓની અનામતની ઘટની જગ્યાઓ ખાસ ભરતી ઝુંબેશ (SPECIAL RECRUITMENT DRIVE) થી ભરવા અંગેની હોઈ કક્ષાવાર કોઈ અનામત જગ્યાઓ રાખવામાં આવેલ નથી. પરંતુ દિવ્યાંગ ઉમેદવાર તેઓ જે કેટેગરીના હોય તે કેટેગરીમાં અરજી કરી શકશે. પસંદગી પામેલ ઉમેદવારોને સંબંધિત કેટેગરી **(SC/ST/SEBC/EWS)** ની જગ્યા સામે સરભર કરવાના રહેતા હોઈ મૂળ ગુજરાત રાજ્યના અનામત વર્ગના ઉમેદવારોનો જ સમાવેશ તેઓના અરજીપત્રકમાં દર્શાવેલ કેટેગરી **(SC/ST/SEBC/EWS)** સામે કરવામાં આવશે અન્યથા સામાન્ય કેટેગરીમાં દર્શાવવામાં આવશે.

(૫) દિવ્યાંગ વ્યક્તિઓની સીધી ભરતીમાં અનામતની જગ્યાઓની ઘટ ખાસ ભરતી ઝુંબેશથી (SPECIAL RECRUITMENT DRIVE) થી ભરવા માટેની પ્રક્રિયા હોય મહિલાઓ તથા માજી સૈનિક માટે અલગથી અનામત જગ્યાઓ રાખવામાં આવેલ નથી.

## **૨. પગાર ધોરણ :-**

નાણા વિભાગના તા.૧૮/૧૦/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક : ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૪/ઝ.૧ મુજબ **રૂ.૪૦૮૦૦/-(અંકે રૂપિયા ચાળીસ હજાર આઠસો) ના માસિક ફિકસ પગારથી પાંચ વર્ષ માટે** તેમજ નાણાં વિભાગના તા.૨૮/૦૩/૨૦૧૬ અને તા.૧૬/૧૦/૨૦૨૦ ના ઠરાવ ક્રમાંક:ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૩) /ઝ.૧ ની શરતો અને બોલીઓને આધીન નિમણૂક આપવામાં આવશે તથા ઉમેદવારને પાંચ વર્ષના અંતે તેની સેવાઓ સંતોષકારક જણાયેથી સંબંધિત કચેરીમાં સાતમા પગારપંચ મુજબ રૂ.૩૫૪૦૦/- થી રૂ.૧૧૨૪૦૦/- (લેવલ-૬) ના પગાર ધોરણ માં નિયમિત નિમણૂંક મેળવવાને પાત્ર થશે. તેમ છતાં, આ બાબતે નામદાર સુપ્રીમ કોર્ટમાં દાખલ થયેલ **SLP NO. 14124/2012** અને **SLP NO. 14125/2012** ના ચુકાદાને આધીન રહેશે.

## **૩. રાષ્ટ્રીયતા :-**

ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ અથવા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ના નિયમ-૭ ની જોગવાઇ મુજબની રાષ્ટ્રીયતા ધરાવતા હોવા જોઈએ.

## **૪.૧. વયમર્યાદા અને શૈક્ષણિક લાયકાતની વિગતો :-**

**(ક) વયમર્યાદા : તા.૩૦/૧૦/૨૦૨૫** ના રોજ ઉમેદવારની ઉંમર ૨૦ વર્ષથી ઓછી નહિ અને **૪૦ વર્ષથી** વધુ ન હોવી જોઈશે;

ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાઈઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે.

**(ખ) શૈક્ષણિક લાયકાત :**

(b) Posses, -

a Bachelor's Degree obtained from any of the Universities established or incorporated by or under the Central or State Act in India; or any other educational institutions recognised as such or declared to be deemed as a University under Section 3 of the University Grants

Commission Act, 1956; or possess an equivalent qualification as such recognised by the Government.
(c) possess the basic knowledge of computer application as prescribed in the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967;
(d) possesss adequate knowledge of Gujarati or Hindi or Both.

**નોંધઃ–**

**(૧)** ઉપર દર્શાવેલ સંવર્ગના ભરતી નિયમોમાં નિયત થયેલ શૈક્ષણિક લાયકાતના અગત્યના મુદ્દાઓનો અરજીપત્રકમાં સમાવેશ કરવામાં આવેલ છે. પરંતુ આખરી પસંદગી સમયે ભરતી નિયમોમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની તમામ જોગવાઇઓને ધ્યાને લેવામાં આવશે. ઉમેદવારે જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની તમામ વિગતો ધ્યાને લઇને જ અરજીપત્રકમાં વિગતો ભરવાની રહેશે.

**(૨)** સંવર્ગની ઉપલી વયમર્યાદા માટે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ તેમજ જે તે સંવર્ગના ભરતી નિયમોમાં દર્શાવેલ જોગવાઇ ધ્યાને લેવામાં આવેલ છે.

**(૩) ભરતી નિયમોમાં નિયત થયેલ શૈક્ષણિક લાયકાતના અર્થઘટન સંબંધે ભરતી પ્રક્રિયા દરમ્યાન કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તે અંગે સંબંધિત વિભાગ/ખાતાના વડાની કચેરીનો પરામર્શ કરીને યોગ્ય તે નિર્ણય લેવામાં આવશે.**

**૪.૨. વયમર્યાદામાં છૂટછાટ :–**

દિવ્યાંગ ઉમેદવારોને નીચે મુજબ નિયમોનુસાર વયમર્યાદામાં છૂટછાટ મળવાપાત્ર છે.

| કેટેગરી | છૂટછાટ | મહત્તમ વયમર્યાદા |
|---|---|---|
| સામાન્ય કેટેગરીના શારીરિક અશકતતા ધરાવતા પુરૂષ ઉમેદવારોને | ૧૦ વર્ષ | (મહત્તમ ૪૫ વર્ષ ની મર્યાદામાં) |
| સામાન્ય કેટેગરીના શારીરિક અશકતતા ધરાવતા મહિલા ઉમેદવારોને (૧૦+૫=૧૫) | ૧૫ વર્ષ | (મહત્તમ ૪૫ વર્ષ ની મર્યાદામાં) |
| અનામત કેટેગરીના શારીરિક અશકતતા ધરાવતા પુરૂષ ઉમેદવારો (૫+૧૦=૧૫) | ૧૫ વર્ષ | (મહત્તમ ૪૫ વર્ષ ની મર્યાદામાં) |
| અનામત કેટેગરીના શારીરિક અશકતતા ધરાવતા મહિલા ઉમેદવારો (૫+૧૦+૫=૨૦) | ૨૦ વર્ષ | (મહત્તમ ૪૫ વર્ષ ની મર્યાદામાં) |

**(૧)** તમામ કેટેગરીના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં મળવાપાત્ર છૂટછાટ સાથેની ઉંમર નિયત **તા.૩૦/૧૦/૨૦૨૫** ના રોજ કોઇપણ સંજોગોમાં ૪૫ વર્ષ કરતાં વધવી જોઇએ નહીં.

**(૨)** સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (**SEBC**) ના દિવ્યાંગ ઉમેદવારોએ નાણાકીય વર્ષ ૨૦૨૨–૨૩/૨૦૨૩–૨૪/૨૦૨૪–૨૫ ની આવકના આધારે ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૭/૦૪/૨૦૧૦ ના ઠરાવ ક્રમાંક: સસપ/૧૧૦૯/૧૬૬૩/અ થી રાજ્ય સરકારની નોકરી માટે નિયત થયેલ **પરિશિષ્ટ–૪ મુજબ ગુજરાતી નમૂનામાં** નોન-ક્રીમીલેયર સર્ટિફીકેટ **તા.૦૧/૦૪/૨૦૨૩ થી અરજી સ્વીકારવાની છેલ્લી તા.૩૦/૧૦/૨૦૨૫** સુધીમાં મેળવેલ હોય તેવું પ્રમાણપત્ર ધરાવતાં હશે તો જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટનો લાભ મળશે અન્યથા તેઓ સામાન્ય કેટેગરીના દિવ્યાંગ ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે. અને તે કિસ્સામાં તેઓની પસંદગી થયેથી તેઓનો સમાવેશ સામાન્ય કેટેગરીના દિવ્યાંગ ઉમેદવાર તરીકે કરવામાં આવશે.

સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પરિણીત મહિલા ઉમેદવારે આવું નોન ક્રીમીલેયર પ્રમાણપત્ર તેમના માતા–પિતાની આવકના સંદર્ભમાં રજુ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવુ પ્રમાણપત્ર રજુ કરેલ હશે તો તેની અરજી “રદ” કરવામાં આવશે.

ઉમેદવારે ઓનલાઈન અરજી કરતી વખતે જે નોન-ક્રીમીલેયર સર્ટિફીકેટની વિગતો જણાવેલ હોય તે જ પ્રમાણપત્ર મંડળ દ્વારા જણાવવામાં આવે ત્યારે રજૂ કરવાનું રહેશે. જો આવા પ્રમાણપત્રમાં ભૂલ હોવાના કારણે ઉમેદવાર જાહેરાતની છેલ્લી તારીખ બાદનું નવું પ્રમાણપત્ર મેળવે તો આવું પ્રમાણપત્ર ધ્યાને લેવામાં આવશે નહિં.

ઉમેદવારે **તા.૦૧/૦૪/૨૦૨૩ થી અરજી કરવાની છેલ્લી તા.૩૦/૧૦/૨૦૨૫** દરમ્યાન મેળવેલ અસલ પ્રમાણપત્રનો નંબર અને પ્રમાણપત્ર ઈશ્યૂ તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાનાં રહેશે. સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ આવું પ્રમાણપત્ર રજુ ન કરી શકનાર ઉમેદવારો સામાન્ય ઉમેદવારો માટે નક્કી થયેલ વયમર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની ઉમેદવારી **રદ** થશે.

સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ગુજરાત રાજ્ય હેઠળના અનામતના હેતુ માટે માન્ય કરાયેલ પરિશિષ્ટ–૪ ના નિયત નમુનામાં (ગુજરાતી) નોન ક્રિમિલીયર સર્ટી અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરવાનુ રહેશે.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૮/૦૮/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક : સશપ/૧૨૨૦૧૭ /૧૨૪૩૮૨/અ થી ઠરાવેલ જોગવાઈઓને ધ્યાને લેતાં પરિશિષ્ટ–૪ સિવાયના પ્રમાણપત્રના વિકલ્પે ઉમેદવારે તા.૦૧/૦૪/૨૦૨૫ થી અરજી કરવાની છેલ્લી તારીખ તા.૨૫/૦૪/૨૦૨૫ દરમ્યાનમાં મેળવેલ કેન્દ્ર સરકાર હેઠળની નોકરીઓમાં અનામત માટે ભારત સરકારે ઠરાવેલ **Annexure-A** મુજબના નમુનામાં મેળવેલ હોય તેવું પ્રમાણપત્ર ધરાવતાં હશે તો જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટનો લાભ મળશે અન્યથા તેઓ સામાન્ય કેટેગરીના દિવ્યાંગ ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે.

**(૩) આર્થિક રીતે નબળા વર્ગ (EWS)ના** ઉમેદવારોએ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૫/૦૧/૨૦૧૯ અને તા.૧૩/૦૯/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક : ઈ.ડબલ્યુ.એસ./૧૨૨૦૧૯/૪૫૯૦૩ /અ ની જોગવાઈ થી નિયત થયેલ નમુના **Annexure-KH** (અંગ્રેજી) અથવા પરિશિષ્ટ–ગ (ગુજરાતી) નમૂનામાં **તા.૨૫/૦૪/૨૦૨૫** સુધીમાં મેળવેલ હોવું જોઇશે અને **સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૩/૦૯/૨૦૧૯ ઠરાવ ક્રમાંક : ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ ની જોગવાઇ મુજબ તા.૩૧/૧૦/૨૦૨૨ થી તા.૩૦/૧૦/૨૦૨૫** દરમ્યાન મેળવેલ આર્થિક રીતે નબળા વર્ગો માટે પાત્રતા પ્રમાણપત્ર (**ફક્ત ગુજરાત સરકાર હેઠળના અનામતના હેતુ માટે**)નો નંબર અને તારીખ ઓનલાઇન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે. આ પ્રમાણપત્રો સિવાયના અન્ય કોઈ પ્રમાણપત્ર માન્ય રાખવામાં આવશે નહી.

**આર્થિક રીતે નબળા વર્ગ (EWS)ના** ઉમેદવારોએ અરજીપત્રક ભરતા સમયે દર્શાવેલ **EWS** ના પ્રમાણપત્ર ક્રમાંક અને ઈસ્યુ તારીખની વિગતો મુજબનું રાજય સરકારની નોકરી માટે માન્ય કરાયેલ **Annexure-KH** (અંગ્રેજી) અથવા પરિશિષ્ટ–ગ ના નિયત નમુનામાં (ગુજરાતી) **આર્થિક રીતે નબળા વર્ગનું પાત્રતા પ્રમાણપત્ર** અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરવાનુ રહેશે. સક્ષમ અધિકારી દવારા અપાયેલ આવું પ્રમાણપત્ર રજુ ન કરી શકનાર ઉમેદવારો સામાન્ય દિવ્યાંગ ઉમેદવારો માટે નક્કી થયેલ વયમર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની ઉમેદવારી **રદ** થશે.

ઉમેદવાર આર્થિક રીતે નબળા વર્ગ તરીકેનું પાત્રતા પ્રમાણપત્ર **તા.૦૧/૦૪/૨૦૨૨ થી તા.૩૦/૧૦/૨૦૨૫** દરમ્યાન મેળવેલ હોય તેવું પ્રમાણપત્ર ધરાવતાં હશે તો જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટનો લાભ મળશે અન્યથા તેઓ સામાન્ય કેટેગરીના દિવ્યાંગ ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે.

અને તે કિસ્સામાં તેઓની પસંદગી થયેથી તેઓનો સમાવેશ સામાન્ય કેટેગરીના દિવ્યાંગ ઉમેદવાર તરીકે કરવામાં આવશે.

**સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૩/૦૯/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંકઃ-ઇડબલ્યુએસ/ ૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ ની જોગવાઇ મુજબ આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટેના પાત્રતા પ્રમાણપત્રો ઇસ્યુ (ISSUE) થયા તારીખથી ત્રણ વર્ષ સુધી માન્ય ગણવામાં આવશે.**

**ગુજરાત સરકાર હેઠળના આર્થિક રીતે નબળા વર્ગો (EWS) ના અનામતના લાભ માટેના "આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટેનું પાત્રતા પ્રમાણપત્ર" ના વિકલ્પે નાણાકીય વર્ષ ૨૦૨૪–૨૫ ની આવકના આધારે તા.૦૧/૦૪/૨૦૨૫ થી અરજી કરવાની છેલ્લી તા.૩૦/૧૦/૨૦૨૫ સુધીમાં ભારત સરકાર હેઠળના EWS અનામતના લાભ માટે Income and Asset Certificate મેળવેલ હોય તેવું પ્રમાણપત્ર ધરાવતાં હશે તો જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટનો લાભ મળશે અન્યથા તેઓ સામાન્ય કેટેગરીના દિવ્યાંગ ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે.**

**ગુજરાત સરકારની યોજનાઓના લાભ હેતુના પ્રમાણપત્રને કોઈપણ સંજોગોમાં માન્ય રાખવામાં આવશે નહી.**

**(૪) અનામત વર્ગના અ.જા., અ.જ.જા. અને સા.શૈ.પ.વ. કેટેગરીના દિવ્યાંગ ઉમેદવારોએ જાતિ અંગેનું પ્રમાણપત્ર ગુજરાત સરકાર દ્વારા વખતો વખત નિયત કરેલ નમૂનામાં** અને સક્ષમ અધિકારી પાસેથી મેળવેલ હોવું જોઇશે.

**(૫) ઉમેદવારે ONLINE અરજીપત્રકમાં વિગતો ભરતાં સમયે જાતિ (કેટેગરી) અંગે જે વિગત દર્શાવેલ હશે તે અરજીપત્રક CONFIRM થયેથી જાતિ (કેટેગરી) માં પાછળથી ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહીં. આથી જો ઉમેદવારને અરજીપત્રકમાં કોઇ વિગતમાં ફેરફાર કરવો હોય તો તેઓએ અરજી કરવાની છેલ્લી તારીખ પહેલાં સાચી વિગત સાથે પુનઃ અરજી કરવાની રહેશે.**

## ૫. કોમ્પ્યુટરની જાણકારી :–

ઉમેદવાર રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦૨૦૦૭/૧૨૦૩૨૦/ગ.૫ થી નિયત થયેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઈપણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઈશે. અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈપણ ડિપ્લોમા/ડીગ્રી કે સર્ટીફિકેટ કોર્ષ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડીગ્રી કે ડીપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ– ૧૦ **અથવા** ધોરણ–૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પસાર કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈશે. તેમજ આ તબક્કે આવું પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ આવા ઉમેદવારોએ નિમણૂંક સત્તાધિકારી સમક્ષ કોમ્પ્યુટરની બેઝીક નોલેજની પરીક્ષા પાસ કર્યાનું આવું પ્રમાણપત્ર નિમણૂંક મેળવતાં પહેલા અચુક રજુ કરવાનું રહેશે. અન્યથા નિમણૂંક મેળવવાને પાત્ર થશે નહીં. તેમજ નિમણૂંક સત્તાધિકારી આવા કિસ્સામાં ઉમેદવારોની પસંદગી **"રદ"** કરશે.

## **૬. શૈક્ષણિક લાયકાત/ વયમર્યાદા/ વધારાની લાયકાત માટે નિર્ધારિત તારીખ :-**

જાહેરાતમાં દર્શાવેલ તમામ સંવર્ગના ઉમેદવારોનાં કિસ્સામાં શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા, નોન-ક્રીમીલેયર સર્ટીફીકેટ, આર્થિક રીતે નબળા વર્ગો માટે પાત્રતા પ્રમાણપત્ર અને અન્ય જરૂરી લાયકાત માટે **તા.૩૦/૧૦/૨૦૨૫** ની સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવશે.

## **૭. અરજી કરવાની રીત :-**

આ જાહેરાતના સંદર્ભમાં મંડળ દ્વારા ઓન લાઈન અરજી જ સ્વીકારવામાં આવશે. જે અન્વયે ઉમેદવારો **તા.૧૬/૧૦/૨૦૨૫** (**બપોરના ૧૪-૦૦ કલાક**) થી **તા.૩૦/૧૦/૨૦૨૫** (સમય **૨૩-૫૯** કલાક સુધી) દરમ્યાન **"https:// ojas.gujarat.gov.in"** વેબસાઈટ પર ઓન-લાઈન અરજીપત્રક ભરી શકશે. એક જ જાહેરાત અન્વયે એક કરતાં વધુ અરજી કરનાર ઉમેદવારોના કિસ્સામાં સૌથી છેલ્લે કન્ફર્મ થયેલી અરજી માન્ય ગણીને તે સિવાયની બાકીની તમામ અરજીઓ રદ થશે. આ બાબતની વિગતવાર સુચના અરજી કરવાની રીતના પેટા મુદ્દા નં. (૧૧) માં પણ આપેલ છે.

### **ઉમેદવારે અરજીપત્રક ભરવા માટે :-**

**(૧)** સૌપ્રથમ **"https://ojas.gujarat.gov.in"** વેબસાઈટ પર જવું.

**(૨)** ત્યારબાદ **"On line Application"** માં **Apply** પર **Click** કરવું અને **GSSSB** સિલેકટ કરવું.

**(૩)** ઉમેદવારે **જાહેરાત ક્રમાંક: ૩૬૫/૨૦૨૫૨૬, ગુજરાતી સ્ટેનોગ્રાફર,ગ્રેડ-૨** સંવર્ગની જાહેરાત માટે ઉમેદવારી કરવા માટે જાહેરાતના સંવર્ગના નામ પર **Click** કરી **Apply** પર ક્લિક કરવું. ત્યાર બાદ સ્ક્રીન પર **More Details** અને **Apply now** ના ઓપ્શન ખુલશે. જેમાં **More Details** પર **Click** કરવાથી વિગતવાર જાહેરાતની વિગતો જોવા મળશે. જે ઉમેદવારોએ વાંચી જવી.

**(૪)** જયારે **"Apply now"** પર **Click** કરવાથી નવી વિન્ડો ખુલશે. જેમાં **"Skip"** પર ક્લિક કરવાથી **Application Format** ખુલશે જેમાં સૌ પ્રથમ **"Personal Details"** ઉમેદવારે ભરવી.**(**જ્યાં લાલ કુંદડી **(*)** નિશાની હોય ત્યાં માગ્યા મુજબની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.**)**

**(૫) Personal Details** ભરાયા બાદ **"Educational Details"** ભરવાની રહેશે.

**(૬)** ત્યાર બાદ **"Assurance"** (બાંહેધરી) માં દર્શાવેલ શરતો સ્વીકારવા માટે **"Yes" Select** કરી **"save"** પર **Click** કરવું. હવે અરજી પૂર્ણ રીતે ભરાઈ ગયેલ છે.

**(૭)** હવે **"save"** પર **Click** કરવાથી **"Application Number" generate** થયેલ હશે જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે.

**(૮)** હવે **Upload Photograph** પર **Click** કરો અહીં તમારો **application number type** કરો અને તમારી **Birth date type** કરો. ત્યારબાદ **ok** પર **Click** કરવું. અહીં **photo** અને **signature upload** કરવાના છે. **(Photo** નું માપ ૫ સે.મી. ઉંચાઈ અને ૩.૬ સે.મી. પહોળાઈ અને **Signature** નું માપ ૨.૫ સે.મી. ઉંચાઈ અને ૭.૫ સે.મી. પહોળાઈ રાખવી.**)** **(photo** અને **signature upload** કરવા સૌ પ્રથમ તમારો **photo** અને **signature jpg format** માં **(15 kb)** સાઈઝથી વધે નહિ તે રીતે સ્કેન કરી **computer** માં સેવ કરેલા હોવા જોઈશે.**)** **photo** અને **signature** અપલોડ કરવા માટે **"browse" button** પર **Click** કરો. હવે **choose file** ના સ્ક્રીનમાંથી જે ફાઈલમાં **jpg format** માં તમારો **photo store** થયેલ છે, તે ફાઈલને **select** કરો અને **"open" button** ને **Click** કરો. હવે **"browse" button** ની બાજુમાં **"upload" button** પર **Click** કરો. હવે બાજુમાં તમારો **photo** દેખાશે. હવે આજ રીતે **signature** પણ **upload** કરવાની રહેશે. જે **photo** અને **signature** અપલોડ કરવામાં આવ્યા હશે તે જ **photo** લેખિત પરીક્ષાના હાજરીપત્રકમાં ચોંટાડવાનો રહેશે તથા તેવી જ **signature** કરવાની

રહેશે તેમજ આ ભરતી પ્રક્રિયાના નિમણૂંક સુધીના દરેક તબક્કે મંડળ/સંબંધિત ખાતાના વડા માંગે ત્યારે તેવો જ ફોટો રજુ કરવાનો રહેશે. **(અરજીમાં પાસપોર્ટ સાઇઝનો White Background વાળો તથા ફોટો પડાવ્યાની તારીખ સાથેનો ફોટો અપલોડ કરવાનો રહેશે. આ તારીખ અરજી કરવાની છેલ્લી તારીખથી ૦૧(એક) વર્ષ પહેલાની ન હોવી જોઇએ.)** આથી ફોટોગ્રાફની ચારથી પાંચ કોપીઓ કઢાવી રાખવી. જુદા જુદા તબક્કે જુદા જુદા ફોટોગ્રાફ રજુ થશે તો ફાળવણી/નિમણૂંકમાં બાધ આવી શકશે. જેની જવાબદારી ઉમેદવારની પોતાની રહેશે.

**(૯)** હવે પેજના ઉપરના ભાગમાં **Online Application** ટેબમાં **"Confirm Application"** પર **Click** કરો અને **"Application number"** તથા **Birth Date type** કર્યા બાદ **Ok** પર **Click** કરવાથી ઉમેદવારની **Basic Details** અને **confirm application** દેખાશે. ઉમેદવારને અરજીમાં સુધારો કરવાની જરૂર જણાય તો **edit** કરી લેવું. અરજી કન્ફર્મ કર્યા પહેલા કોઈપણ પ્રકારનો સુધારો થઈ શકશે. પરંતુ અરજી કન્ફર્મ થયા બાદ કોઈપણ પ્રકારનો સુધારો શકય બનશે નહી. સંપૂર્ણ ચકાસણી બાદ જો અરજી સુધારવાની જરૂર ના જણાય તો જ **confirm application** પર **Click** કરવું. તેથી ઉમેદવારની અરજીનો મંડળમાં **online** સ્વીકાર થઈ જશે. એકવાર ઓનલાઇન અરજી કન્ફર્મ થયા બાદ, તેમાં કોઇપણ પ્રકારનો ફેરફાર ઉમેદવાર કે મંડળ દ્વારા થઇ શકશે નહીં. અરજીમાં દર્શાવેલી વિગતોને અનુરૂપ પ્રમાણપત્રો મંડળ માંગે ત્યારે ઉમેદવારે રજૂ કરવાના રહેશે. આથી, ઉમેદવારે પ્રથમ તેમની પાસેના પ્રમાણપત્રોને આધારે પોતાનું નામ, પતિ/પિતાનું નામ, અટક, જન્મતારીખ, શૈક્ષણિક લાયકાત, જાતિ (કેટેગરી), જેન્ડર (મેલ/ફીમેલ), માજી સૈનિક, સ્પોર્ટ્સ, દિવ્યાંગતા, વિધવા વગેરે બાબતોની બારીક ચકાસણી કરી લઇને તેને અનુરૂપ વિગતો ઓનલાઇન અરજીમાં દર્શાવવાની રહેશે. મંડળ દ્વારા ચકાસણી સારુ પ્રમાણપત્રો માંગવામાં આવે ત્યારે ઓનલાઇન અરજીપત્રકમાં દર્શાવેલ વિગતો અને ઉમેદવાર દ્વારા મંડળ સમક્ષ રજૂ કરવામાં આવતાં પ્રમાણપત્રોમાં કોઇપણ જાતની વિસંગતતા માલૂમ પડશે તો, તેવી ક્ષતિયુક્ત અરજીઓ મંડળ દ્વારા જે તે તબક્કેથી 'રદ' કરવામાં આવશે. ખોટી કે અધૂરી વિગતોને કારણે ક્ષતિયુક્ત અરજી રદ કરવામાં આવે તો, તેમાં મંડળની કોઇ જવાબદારી રહેશે નહીં. આથી, ઉમેદવારોને તેમની પાસેના પ્રમાણપત્રોને આધારે અને તેને અનુરૂપ વિગતો ઓનલાઇન અરજી કરતી વખતે દર્શાવવાની ખાસ કાળજી રાખવા જણાવવામાં આવે છે. **confirm application** પર **click** કરતાં અહીં **"confirmation number" generate** થશે. આ **"confirmation number"** હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ, ઉમેદવારે સાચવવાનો રહેશે.

**(૧૦)** હવે **print application** પર **Click** કરવું. અહીં **Select Job** માંથી જાહેરાત ક્રમાંક સિલેકટ કરીને તમારો **confirmation number** ટાઈપ કરવો અને જન્મતારીખ ટાઇપ કરવાથી તમારી અરજી ઓપન થશે. જેની પ્રિન્ટની નકલ ફરજિયાતપણે કાઢીને સાચવી રાખવી. નોંધાયેલ ઉમેદવાર અરજી કરવાની અંતિમ તારીખ સુધી **Online Application Form** ડાઉનલોડ કરીને સમગ્ર ભરતી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી સાચવી રાખે તે ઉમેદવારના હિતમાં છે. અરજી કરવાની અંતિમ તારીખ બાદ ઉમેદવાર **Application Form** ડાઉનલોડ કરી શકશે નહીં.

**(૧૧)** ઉમેદવારે એક જ અરજી કરવી. આમ છતાં, સંજોગવશાત, જો કોઇ ઉમેદવારે એકથી વધુ અરજી કરેલ હશે, તો છેલ્લી કન્ફર્મ થયેલ અરજીને માન્ય રાખીને અન્ય અરજીપત્રકને રદ ગણવામાં આવશે. બિન અનામત વર્ગના ઉમેદવારોએ છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સાથે નિયત ફી ભરેલ હશે તે માન્ય ગણાશે અને અગાઉની અરજી રદ ગણવામાં આવશે. અગાઉની અરજી સાથે ભરેલી ફી છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સામે ગણવામાં આવશે નહીં. જો ઉમેદવારે છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સાથે નિયત ફી ભરેલ નહીં હોય, તો આવા ઉમેદવારની

બાકીની અરજીઓ પૈકી નિયત ફી સાથેની કન્ફર્મ થયેલી છેલ્લી અરજી માન્ય ગણવામાં આવશે. જો ઉમેદવારે એકથી વધુ અરજી સાથે ફી ભરેલ હશે, તો તે રીફંડ કરવામાં આવશે નહીં.

**નોંધ**:– જાહેરાત સામે દર્શાવેલ સંવર્ગના ભરતી નિયમોમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા તેમજ ઓનલાઈન અરજી ભરવા સંબંધિત કોઈ માર્ગદર્શનની આવશ્યકતા જણાય તો તે માટે મંડળની કચેરીના ફોન નંબર: **૦૭૯– ૨૩૨૫૮૯૧૬** પર સંપર્ક કરી શકાશે.

## ૮. પરીક્ષા ફી :–

**સામાન્ય વહીવટ વિભાગના તા.૩૧/૦૧/૨૦૨૪ ના પત્રમાં થયેલ જોગવાઈ મુજબ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા લેવામાં આવતી સીધી ભરતીની તમામ પરીક્ષાઓ માટે પરીક્ષા ફી નું ધોરણ નીચે મુજબનું રહેશે.**

| **ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળની તમામ પરીક્ષાઓ માટે પરીક્ષા ફી નું ધોરણ** | |
|---|---|
| **પ્રાથમિક પરીક્ષા** | **અનામત વર્ગ** (દિવ્યાંગ ઉમેદવારો) |
| **પરીક્ષા ફી** | **રૂ. ૪૦૦/–** |
| **The fees paid shall be refunded to those candidates who appear for the examination.**<br>**પરીક્ષામાં ઉપસ્થિત રહેનાર ઉમેદવારોને પરીક્ષા ફી પરત મળવાપાત્ર રહેશે.** | |

તમામ ઉમેદવારોએ ઉપર દર્શાવ્યા મુજબની ફી ઓનલાઈનના માધ્યમથી જ ભરવાની થાય છે. ઉમેદવાર જયારે **OJAS** વેબસાઇટ પર પોતાની અરજી સબમીટ કરે ત્યારે તેઓને પરીક્ષા ફી **તા.૦૨/૧૧/૨૦૨૫** (૨૩.૫૯ કલાક) સુધીમાં ફરજીયાત ઓન–લાઇન ભરવાની રહેશે. ઓન–લાઇનના માધ્યમથી ફી ભરવા માટે **OJAS** વેબસાઇટ પર **Online Application** ટેબમાં **Print Application Form / Pay Fees** પર **Click** કરવાથી **Online Payment** માટેના **Options** દેખાશે. જેમાં **Online Payment of Fees** પર **Click** કરવું. જેમાં ડેબિટ કાર્ડ (**Debit Card**), ઇન્ટરનેટ બેંકિંગ (**Internet Banking**), **UPI** અથવા વૉલેટ (**Wallets**) દ્વારા ભરવાની રહેશે. આ ચાર માધ્યમ પૈકીના કોઇ પણ એક માધ્યમ દ્વારા ફી ભર્યા બાદ રીસીપ્ટ જનરેટ થશે, જેની પ્રિન્ટ મેળવી લેવાની સુચના મળશે. ઉમેદવારોએ આ રીસીપ્ટની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે.

**Online Application** ટેબમાં **Print Application Form / Pay Fees** પર **Click** કર્યા બાદ **Online Payment Receipt** પર ક્લીક કરવાથી પણ રીસીપ્ટની પ્રિન્ટ મેળવી શકાશે. ઓનલાઇન માધ્યમથી ફી ભરનાર ઉમેદવારે પરીક્ષા ફી નિયમોનુસાર ટ્રાન્ઝેક્શન ફી ભરવાની રહેશે. પરીક્ષા ફી ભરવાની છેલ્લી **તા.૦૨/૧૧/૨૦૨૫** (૨૩.૫૯ કલાક) બાદ આ લિન્ક આપોઆપ બંધ થઈ જશે. ત્યારબાદ મંડળ દ્વારા કોઇ પણ સંજોગોમાં અન્ય કોઇ પણ રીતે (લેઇટ ફી લઇને પણ) પરીક્ષા ફી સ્વીકારવામાં આવશે નહીં.

- **પરીક્ષા ફી રોકડમાં, ડિમાન્ડ ડ્રાફ્ટથી, ભારતીય પોસ્ટલ ઓર્ડર, પે–ઓર્ડર કે અન્ય કોઈપણ સ્વરૂપે ફી સ્વીકારવામાં આવશે નહીં જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.**
- **પરીક્ષામાં ઉપસ્થિત રહેનાર ઉમેદવારોને તેઓએ જે માધ્યમથી પરીક્ષા ફી ભરેલ હશે તે માધ્યમથી પરીક્ષા ફી પરત મળવાપાત્ર રહેશે. પરીક્ષામાં ઉપસ્થિત ન રહેનાર ઉમેદવારોને પરીક્ષા ફી પરત મળવાપાત્ર રહેશે નહીં.**

➢ ઉમેદવારો **ફી ભરવાની નિયત તા.૦૨/૧૧/૨૦૨૫** સુધીમાં પરીક્ષા ફી નહીં ભરે તો તેવા ઉમેદવારોની અરજી માન્ય રહેશે નહીં તથા તેવા ઉમેદવારોનું અરજી ફોર્મ કોઇપણ જાતની જાણ કર્યા વગર મંડળ દ્વારા **''રદ''** કરવામાં આવશે.

## ૯. પરીક્ષા પદ્ધતિ :–

મંડળ દ્વારા નિયત સમયમર્યાદામાં ઓન–લાઇન મળેલ અરજીઓની પ્રાથમિક ચકાસણી ( એક કરતાં વધુ અરજી કરેલ છે કે કેમ ? અને પરીક્ષા ફી ભરેલ છે કે કેમ ?) કરીને લાયક ઉમેદવારોની રાજય સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા ૨૬/૧૧/૨૦૧૯ ના જાહેરનામા ક્રમાંકઃ જીએસ/૨૦૧૯–૩૮/એલપીકે/૧૦૨૦૧૮/૧૪૪૬/ખ–૩ થી મંજુર કરવામાં આવેલ પરીક્ષા પદ્ધતિ અનુસાર (૧) લાયકી પરીક્ષા (લઘુલિપિ કસોટી) (૨) મુખ્ય પરીક્ષા – પ્રશ્નપત્ર–૧ (વર્ણનાત્મક અને હેતુલક્ષી ) અને પ્રશ્નપત્ર–૨ કૌશલ્ય કસોટી (લઘુલિપિ અને અનુલેખનનું ટાઈપીંગ ) લેવામાં આવશે. જેની વિગતો નીચે મુજબની રહેશે.

**ગુજરાતી સ્ટેનોગ્રાફર, ગ્રેડ–૨, વર્ગ– ૩ની જગા માટેની પરીક્ષા પદ્ધતિ**

### (૧) લાયકી પરીક્ષા (લઘુલિપિ કસોટી)

(ક) પ્રતિ મિનિટ ૬૦ શબ્દોની ઝડપે બે મિનિટના ગુજરાતી પરિચ્છેદનું લઘુલિપિમાં શ્રુતલેખન અને તેનું અનુલેખન પ્રતિ મિનિટ સાત શબ્દોની ઝડપે કરવું (સુવાચ્ય હસ્તાક્ષરમાં, ટાઈપિંગથી નહિ).

(ખ) આ કસોટીનો હેતુ, આપેલ શાબ્દિક ઝડપ માટે લઘુલિપિમાં લખવા માટેની ઉમેદવારની ક્ષમતા ચકાસવાનો છે.

(ગ) કસોટીનો પ્રકાર, લઘુલિપિમાં ઉમેદવારોના કૌશલ્યની ખાતરી કરવાનો છે. લઘુલિપિમાં જરૂરી કૌશલ્ય ધરાવતા હોય તેવા ઉમેદવારોને, મુખ્ય પરીક્ષામાં પ્રવેશ માટે પાત્ર જાહેર કરવામાં આવશે.

### (૨) મુખ્ય પરીક્ષાની યોજના અને તેના વિષય.-

મુખ્ય પરીક્ષા, નીચેના બે પ્રશ્નપત્રોની રહેશે :

**પ્રશ્નપત્ર -૧** : ગુજરાતી: ભાષા પ્રભુત્વ અને કોમ્પ્યુટરની જાણકારી (વર્ણનાત્મક અને હેતુલક્ષી)

પ્રશ્નપત્રનું માળખુંઃ ૧૦૦ ગુણ, સમયગાળો ૨:૦૦ કલાક (૧૨૦ મિનિટ)

| | | |
|---|---|---|
| **નિબંધ** | **વર્ણનાત્મક** | **૧૦ ગુણ** |
| **સંક્ષિપ્ત લેખન** | **વર્ણનાત્મક** | **૧૦ ગુણ** |
| **પત્રલેખન (બે પત્રો)** | **વર્ણનાત્મક** | **૨૦ ગુણ** |
| **ગુજરાતીમાંથી અંગ્રેજીમાં ભાષાંતર** | **વર્ણનાત્મક** | **૧૦ ગુણ** |
| **અંગ્રેજીમાંથી ગુજરાતીમાં ભાષાંતર** | **વર્ણનાત્મક** | **૧૦ ગુણ** |
| **ગુજરાતી વ્યાકરણ** | **હેતુલક્ષી** | **૨૦ ગુણ** |
| **કોમ્પ્યુટર અંગેની પાયાની જાણકારી/ ઓપરેશન્સ (ચલાવવા અંગેની જાણકારી)** | **હેતુલક્ષી** | **૨૦ ગુણ** |

મુખ્ય પરીક્ષા અન્વયે પ્રશ્નપત્ર-૧ માં કોમ્પ્યુટર અંગેની પાયાની જાણકારી/ઓપરેશન્સ (ચલાવવા અંગેની જાણકારી) (ગુણ-૨૦) નો અભ્યાસક્રમ નીચે મુજબનો રહેશે.

| Sr.no. | Topics | Sub Topics |
|---|---|---|
| 1 | Computer Basics | 1. Introduction<br>2. Uses of Computers |

| | | |
|---|---|---|
| | | 3. Input/Output devices(Peripherals)<br>4. Keyboard Shortcuts<br>5. Central Processing Unit (CPU)<br>6. Computer Memory<br>7. Back-up Devices (Memory Devices)<br>8. PORTs<br>9. Windows Explorer |
| 2 | Software | Windows Operating System<br>1. MS Word<br>2. MS Excel<br>3. MS Power Point<br>4. MS Outlook<br>5. Microsoft Windows<br>6. Indic |
| 3 | Working with Internet and e-mails | 1. Web Browsing & Searching<br>2. Downloading & Uploading<br>3. Managing an E-mail Account<br>4. E-Banking<br>5. Calendar and scheduling meetings |
| 4 | Basics of networking and cyber security | 1. Networking devices and Protocols<br>2. Network and information security threats like hacking, Virus, worms, Trojan etc.<br>3. Preventive Measures |

**<u>પ્રશ્નપત્ર -૨</u> : કૌશલ્ય કસોટી (લઘુલિપિ અને અનુલેખનનું ટાઈપિંગ) : ૧૦૦ ગુણ**

- લઘુલિપિ અને કોમ્પ્યુટર પર અનુલેખનનું ટાઈપિંગ
- ૪ મિનિટના એક એવા ૨ (બે) પરિચ્છેદોનું શ્રુતલેખન (કુલ ૮ મિનિટ)
- શ્રુતલેખનની ઝડપ : ગુજરાતી લઘુલિપિમાં પ્રતિ મિનિટ ૭૫ શબ્દો
- અનુલેખનના ટાઈપિંગ માટેનો સમય : કુલ ૬૦ મિનિટ

કૌશલ્ય કસોટીમાં, ઉમેદવારોએ લઘુલિપિમાં શ્રુતલેખન લેવાનું રહેશે. તથા કોમ્પ્યુટર એપ્લિકેશન દ્વારા ગુજરાતીમાં અનુલેખન કરવાનું રહેશે. ઉમેદવારોને લઘુલિપિમાં શ્રુતલેખન લેવા માટે ફકરાનું ડિક્ટેશન ઓડીયો પ્લે કરી આપવામાં આવશે.

(અ) શ્રુતલેખન અને અનુલેખન માટે કુલ–૧૦૦ ગુણ રાખવામાં આવેલ છે. બન્ને ફકરાનું મૂલ્યાંકન એકસાથે કરવામાં આવશે.

(બ) પાસિંગ ધોરણ ૫૦ ગુણ છે. માર્કિંગની પધ્ધતિ નીચે મુજબ રહેશે.

– શ્રુતલેખનના અનુલેખન માટે ફાળવવામાં આવેલા ગુણમાંથી દરેક ૩ (ત્રણ) ભુલો માટે એક ગુણ કાપવામાં આવશે.

(ક) લોન્ગહેન્ડમાં શ્રુતલેખન સ્વીકાર્ય ન હોય આવા અનુલેખન સ્વીકારવામાં આવશે નહીં.

**નોંધઃ–** (૧) પ્રશ્નપત્ર – ૨ માં લઘુત્તમ ૫૦ ગુણ સુધી આપી શકાશે અને ત્યારબાદ ઝીરો માર્ક્સ આપવામાં આવશે.

(૨) ઉમેદવારો માટે પ્રશ્નપત્ર–૧ માટે લઘુત્તમ લાયકી ગુણ ૪૦ ગુણ અને પ્રશ્નપત્ર–૨ માટે લઘુત્તમ લાયકી ગુણ ૫૦ ગુણ નિયત કરવામાં આવેલ છે. અને તે વિગતોને ધ્યાને લઈ ઉમેદવારે બંને પેપરના કુલ–૨૦૦ ગુણમાંથી મેળવેલ કુલ ગુણના આધારે નક્કી થયેલ મેરીટસ ક્રમાંક, માન્ય દિવ્યાંગતા જૂથ મુજબ ખાલી જગ્યાની વિગતો તેમજ મેરીટ મુજબ પસંદગી ક્રમના આધારે જે તે જૂથના લાયક ઉમેદવારોને નિમણૂંક માટે ફાળવવા અંગેની પસંદગી યાદી મંડળ દ્વારા તૈયાર કરી જાહેર કરવામાં આવશે. પરીક્ષા પધ્ધતિમાં ફેરફાર કરવાનો મંડળનો હકક અબાધિત રહેશે.

## ૧૦. પસંદગી યાદી તૈયાર કરવાની પધ્ધતિ :–

દિવ્યાંગતાની કેટેગરી વાઈઝ ભરવાની થતી જગ્યાઓ ધ્યાને લઈ પસંદગી યાદી તૈયાર કરવામાં આવશે. ઉક્ત જાહેરાત અન્વયે કોઈ પ્રતિક્ષાયાદી રહેશે નહી. ઉમેદવાર હાજર ન થાય/નિમણૂક ન સ્વિકારે તેવા કિસ્સામાં ખાલી રહેતી જગ્યાઓ આ ભરતી પ્રસંગ પછીના ભરતી પ્રસંગથી ભરવામાં આવશે.

## ૧૧. સામાન્ય શરતો :–

**૧૧.૧** અનામત વર્ગના ઉમેદવારોએ **જાતિ અંગેનું સક્ષમ સત્તાધિકારીનું પ્રમાણપત્ર ગુજરાત સરકાર દ્વારા વખતો વખત નિયત કરેલ નમૂનામાં** મેળવેલ હોવું જોઈશે.

**૧૧.૨** સામાન્ય વહીવટ વિભાગના તા.૨૧/૦૨/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦૨૦૧૩/ ૨૪૨૭૯૨/ગ.૨ થી ઠરાવેલ જોગવાઈ અનુસાર એથલેટિકસ (ટ્રેક અને ફિલ્ડ રમતો સહિત), બેડમિન્ટન, બાસ્કેટબોલ, ક્રિકેટ, ફુટબોલ, હોકી, સ્વિમીંગ, ટેબલ ટેનિસ, વોલીબોલ, ટેનિસ, વેઈટલિફટીંગ, રેસલિંગ, બોકસિંગ, સાઈકલિંગ, જીમનેસ્ટિકસ, જુડો, રાઈફલ શૂટિંગ, કબડ્ડી, ખોખો, તીરંદાજી, ઘોડેસવારી, ગોળાફેંક, નૌકાસ્પર્ધા, શતરંજ, હેન્ડબોલ ની રમતો–ખેલકુદમાં **(૧) રાષ્ટ્રીય અથવા (૨)આંતરરાષ્ટ્રીય અથવા (૩) આંતર યુનિવર્સિટી અથવા (૪) અખિલ ભારત શાળા સંઘ દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં** માત્ર પ્રતિનિધિત્વ કરેલ હોય તેવા ઉમેદવારને પસંદગીમાં અગ્રતા માટે તેમને મેળવેલ કુલ ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. તેથી ઉકત ચાર સ્તરની સ્પર્ધાઓમાં ઉમેદવારોએ ભાગ લીધેલ હોય તેવા જ ઉમેદવારોએ અરજીપત્રકમાં જરૂરી વિગતો દર્શાવવાની રહેશે. **ઉકત ચાર સ્તર સિવાયની સ્પર્ધાઓમાં ભાગ લીધેલ હોય તો તેને અગ્રિમતા માટે માન્ય ગણવાની રહેતી ન હોવાથી તેવા ઉમેદવારોએ અરજીપત્રકમાં વિગતો દર્શાવવાની રહેશે નહીં.** ઉકત ચાર સ્તરની સ્પર્ધાઓમાં ભાગ લીધેલ ઉમેદવારોએ સામાન્ય વહીવટ વિભાગના તા.૨૫/૦૨/૧૯૮૦ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦૭૭/૨૬૬૦ /ગ.૨ તથા તા.૦૧/૦૮/૧૯૯૦ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૧૮૮/૩૬૪૪/ગ.૨ માં નિયત કર્યા મુજબના સત્તાધિકારી પાસેથી નિયત નમૂનામાં મેળવેલ જરૂરી પ્રમાણપત્ર અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજુ કરવાનું રહેશે. આવું પ્રમાણપત્ર ધરાવનાર ઉમેદવાર જ રમતના ગુણ મેળવવા માટે હક્કદાર થાય છે.

**૧૧.3** વિધવા મહિલા ઉમેદવારો માટે પસંદગીમાં અગ્રતા આપવા માટે સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૦૫/૧૯૯૭ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨ માં નિર્દેશિત પ્રવર્તમાન નિયમો અનુસાર અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં મહિલા ઉમેદવાર વિધવા હોય તો તેણીએ અરજી ફોર્મમાં તે દર્શાવવાનું રહેશે અને અરજીમાં દર્શાવેલ હોય તે જ મહિલા વિધવા ઉમેદવારને **તેઓએ સ્પર્ધાત્મક પરીક્ષામાં મેળવેલ ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે.** પરંતુ તેઓએ નિમણૂંક સમયે પુનઃ લગ્ન કરેલા ન હોવા જોઈએ અને તે અંગે મંડળ માંગે ત્યારે તમામ પુરાવા અસલમાં રજુ કરવાના રહેશે.

**૧૧.૪** મંડળ તરફથી આપવામાં આવતી જરૂરી સુચનાઓ જોવા માટે મંડળની વેબસાઈટ અવાર નવાર જોતા રહેવું.

**૧૨. સામાન્ય સુચનાઓ :-**

**(૧)** ઉમેદવારે અરજીપત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ પ્રમાણપત્રોની ચકાસણી સમયે અસલમાં રજુ કરવાના રહેશે. અન્યથા અરજીપત્રક જે - તે તબક્કે **"રદ"** ગણવામાં આવશે.

**(૨) ઉમેદવાર અરજીપત્રકમાં જે ફોટો upload કરે છે, તેની પાસપોર્ટ સાઈઝના ફોટાની એક કરતાં વધુ કોપીઓ પોતાની પાસે રાખવી અને આ જાહેરાત-સંવર્ગની સમગ્ર ભરતી પ્રક્રિયામાં તે જ ફોટાની કોપીનો ઉપયોગ કરવાનો રહેશે. (જેમ કે પરીક્ષા સમયે હાજરીપત્રકમાં લગાવવો તેમજ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે પણ તે જ ફોટાની કોપી રજુ કરવાની રહેશે.)**

**(૩) ઉમેદવાર અરજીપત્રક ભરતી વખતે જે મોબાઈલ નંબર દર્શાવે છે તે નંબર ચાલુ જ રાખવો. ભવિષ્યમાં મંડળ તરફથી આ પરિક્ષાને સબંધિત પરીક્ષાલક્ષી કેટલીક સુચનાઓ ઉમેદવારને આ દર્શાવેલ નંબરના મોબાઈલ પર SMS થી મોકલવામાં આવશે તેથી અરજીપત્રકમાં દર્શાવેલ મોબાઈલ નંબર ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી જાળવી રાખવો આપના હિતમાં છે.**

**(૪)** મંડળ જે કોઈ ઉમેદવારને **(૧)** તેને ઉમેદવારી માટે કોઈપણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે, મંડળના અધ્યક્ષ, સભ્ય અથવા કોઈ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે **(૨)** બીજાનું નામ ધારણ કરવા માટે **(૩)** બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે **(૪)** બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે **(૫)** યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે **(૬)** પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઈ અનિયમિત અથવા અયોગ્ય સાધનોનો આશ્રય લેવા માટે **(૭)** પરીક્ષા દરમ્યાન ગેરવ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઈડ, કાપલી કે તેવા કોઈપણ છાપેલા કે હસ્તલેખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઈપણ ગેરરીતિ આચરવા માટે **(૮)** લખાણોમાં અશ્લિલ ભાષા અથવા બિભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે **(૯)** પરીક્ષાખંડમાં અન્ય કોઈ રીતે ગેરવર્તણૂંક કરવા માટે **(૧૦)** પરીક્ષાના સંચાલન કરવા માટે મંડળે રોકેલા સ્ટાફની સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઈજા કરવા માટે **(૧૧)** પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલ તમામ અથવા કોઈપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા યથા પ્રસંગ મદદગીરી કરવા માટે અથવા **(૧૨)** પરીક્ષા આપવા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઈપણ સુચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષતિ હોવાનું જાહેર કર્યું હોય તો તે ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત-**(ક)** મંડળ, તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે, અથવા **(ખ)(૧)** મંડળ, સીધી પસંદગી માટે લેવાતી કોઈપણ પરીક્ષામાં બેસવામાંથી અથવા **(ખ)(૨)** રાજય સરકાર પોતાના હેઠળની કોઈપણ નોકરીમાંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ટ મુદત માટે બાકાત કરી શકશે. **(૧૩)** ગુજરાત જાહેર સેવા આયોગ, અન્ય ભરતી બોર્ડ, અન્ય સરકારી/ અર્ધ સરકારી/ સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર કયારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય અને ગેરલાયક ઠરાવ્યાનો સમય ચાલુ હશે તો તેવા ઉમેદવારોની અરજી આપોઆપ રદ થવાને પાત્ર બનશે.

**(૫)** ગુજરાત સરકાર દ્વારા જાહેર પરીક્ષામાં થતી ગેરરીતિ તથા પ્રશ્નપત્રો લીક થવા બાબતનો **Gujarat Public Examination (Prevention of Unfair Means) Act, 2023** અધિનિયમ માર્ચ,૨૦૨૩ થી અમલી

કરેલ છે. સરકાર દ્વારા ઉક્ત અધિનિયમમાં **"Examination Authority"** તરીકે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળનો પણ સમાવેશ કરેલ છે. આથી, મંડળ દ્વારા આયોજિત તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓને જાહેર પરીક્ષાઓ તરીકે ગણવાની થતી હોવાથી સદર અધિનિયમ મંડળની પરીક્ષાઓમાં પણ લાગૂ પડે છે. આથી, ઉક્ત જાહેરાતની સ્પર્ધાત્મક પરીક્ષામાં જો કોઇ પણ ઉમેદવાર **Gujarat Public Examination (Prevention of Unfair Means) Act, 2023** ની જોગવાઈઓનો ભંગ કરતો જણાઇ આવશે અને તેમાં કસૂરવાર સાબિત થશે તો તેની સામે સદર અધિનિયમમાં દર્શાવ્યા મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**(૬)** ઉમેદવારે અરજીપત્રકમાં બતાવેલી કોઈપણ વિગત અને અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજુ કરેલ જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનુભવ વિગેરેને લગતા પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે તબકકે ચકાસણી દરમ્યાન ખોટા માલુમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારની ઉમેદવારી મંડળ દ્વારા **''રદ''** કરી શકાશે. તેમજ અન્ય સંવર્ગોની ભરતી માટે પણ ગેરલાયક ઠરાવવામાં આવશે. તેમજ જો પસંદગી/નિમણૂંક થયેલ હશે તો પસંદગી/નિમણૂંક, મંડળ/નિમણૂંક કરનાર સત્તાધિકારી દ્વારા કોઈપણ તબકકે **''રદ''** કરવામાં આવશે.

**(૭)** મંડળ દ્વારા લેવાનાર સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉત્તીર્ણ થવાથી જ ઉમેદવારને નિમણૂંક માટેનો હક્ક મળી જતો નથી. નિમણૂંક સમયે સત્તાધિકારીને ઉમેદવાર બધી જ રીતે યોગ્ય છે તેમ સંતોષ થાય તો જ ઉમેદવારને નિમણૂંક આપવામાં આવશે.

**(૮)** પસંદગી પામેલ ઉમેદવારે નિમણૂંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણૂંક મેળવવાને પાત્ર થશે.

**(૯)** ઉમેદવાર પોતે પરીક્ષામાં સફળ થયો હોવાના કારણે જ સંબંધિત જગ્યા ઉપર નિમણૂંક કરવાનો દાવો કરવાને હક્કદાર થશે નહીં, નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે જાહેર સેવા સારૂ ઉમેદવાર યોગ્ય જણાતો નથી તો તેને પડતો મુકી શકાશે. નિમણૂંક બાબતે તેઓનો નિર્ણય આખરી ગણાશે.

**(૧૦)** ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો–૧૯૬૭ (વખતો વખતના સુધારા સહિત) અને તે અન્વયે જે તે સંવર્ગના ઘડવામાં આવેલ ભરતી નિયમોને આધિન રહેશે.

**(૧૧)** ભરતી પ્રક્રિયા અંગે રાજ્ય સરકારના વખતોવખતના નિયમો/ઠરાવો ની જોગવાઈઓ લાગુ પડશે.

**૧૩.** આ જાહેરાત તથા ભરતી પ્રક્રિયામાં કોઈપણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો મંડળને સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે અને મંડળ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં.

**તારીખ:– ૧૬/૧૦/૨૦૨૫** **સચિવ**

**સ્થળ:– ગાંધીનગર** **ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ**